# દ્વિતિય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૭

તારીખ : ૧૭/૦૪/૨૦૧૭ ધોરણ-૮ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦
વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

**વિદ્યાર્થીનું નામ :** ______________________ **બેઠક નંબર :** ________

**સૂચનાઓ :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલાં પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (6)

(1) લેખકે કેટલા કલાક કાંતવાનો સંકલ્પ કર્યો ?

(અ) દોઢ (બ) ત્રણ (ક) એક

(2) શ્રીકૃષ્ણે સુદામાના હાથમાંથી શું ઉલાળીને લઈ લીધું ?

(અ) કમંડળ (બ) તુંબીપત્ર (ક) પોટલી

(3) ગાંધીજીના અંગત સચિવનું નામ જણાવો.

(અ) વલ્લભભાઈ (બ) જવાહરલાલ (ક) મહાદેવભાઈ

(4) વસંતઋતુ શેની આગોતરી વધામણી આપે છે ?

(અ) લગનગાળાની (બ) હોળીધુળેટીની (ક) પરીક્ષાની

(5) અવગુણ ઉપર ગુણ કરે એ કયો વટ કહેવાય ?

(અ) વ્યવહાર વટ (બ) ક્ષત્રિય વટ (ક) બ્રાહ્મણ વટ

(6) અંજન કોલસામાંથી શું શોધતો હતો ?

(અ) કાળોરંગ (બ) ખનીજ (ક) સાકર

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો.** (5)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) સાંઢ નાથ્યો | (ક) મણિલાલ હ. પટેલ |
| (2) કમાડે ચિતર્યા મેં | (ખ) પ્રસંગ કથા |
| (3) શરૂઆત કરીએ | (ગ) ગઝલ |
| (4) સંસ્કારની શ્રીમંતાઈ | (ઘ) ઈશ્વર પેટલીકર |
| (5) બહેનનો પત્ર | (ચ) તુષાર શુકલ |

Scanned by CamScanner

(ક) નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (4)

આવનારી સૌ ખુશી ..........................

................................................

................................................

.................... વખતે દુઃખોને માત કરીએ.

પ્રશ્ન-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ) (6)

(1) ચંદાએ ગામના લોકોને વગર પૂંછડાના ઉંદર કેમ કહ્યા ?

(2) નવા વર્ષે લીધેલ સંકલ્પો ટકી રહે છે ખરા ? શા માટે ?

(3) વિપત્તિ આવે ત્યારે ઉદ્યમ શા માટે કરવો જોઇએ ?

(4) નિખિલરાયને અંજનની કેવી પ્રવૃત્તિઓ ગમતી નથી ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (ગમે તે બે) (8)

(1) ગામમાં શી આફત આવી પડી હતી ?

(2) બેસતા વર્ષે સામાન્યજનના મનમાં કયા વિચારો આવે છે ?

(3) હોળી-ધુળેટીના દિવસોથી વાતાવરણમાં શો બદલાવ આવે છે ?

(ક) નીચે આપેલ વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ) (6)

(1) કવિને મતે હવે સુખ આવશે જ કારણ કે ......

(2) રવજી નિરાશ થયો કારણ કે .....

(3) જગમોહનદાસ ભાડાના ઘરમાં રહેવા ગયા કારણ કે ......

(4) કૃષ્ણની આંખમાંથી આંસુ વહેતાં હતાં કારણ કે......

પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.

(1) નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો (ગમે તે બે) (2)

(1) સુરેન્દ્ર (2) વિશ્વાધાર (3) દેવાંશી

(2) નીચે આપેલ શબ્દોમાંથી દ્વિરુક્ત ને રવાનુકારી શબ્દો ઓળખી બતાવો. (ગમે તે બે) (2)

(1) સનનન (2) નોકરચાકર (3) ટપટપ

(3) નીચે આપેલ શબ્દોના સમાસ ઓળખાવો. (ગમે તે બે) (2)

(1) નોકર ચાકર (2) લક્ષ્મીદેવી (3) ધર્મયુદ્ધ

(4) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે) (2)

(1) માથા પરની કલગી

(2) બગલમાં થતું ગૂમડું

(3) તોફાની ઢોરને ગળે બાંધવાનું લાકડું

Scanned by CamScanner

**(5) નીચે આપેલા વાકયોનાં પ્રકાર ઓળખી બતાવો. (ગમે તે એક)** (2)

(1) ગાંધીજીએ વલ્લભભાઈને 'સરદાર'નું બિરૂદ આપ્યું હતું.

(2) વળતો પ્રહાર જો પોતાના પર આવે તો તેથી જરાય ડગમગતા નહીં.

**(6) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. (ગમે તે એક)** (1)

(1) હૈયે તેવું હોઠે

(2) મા તે મા બીજા વગડાના વા

**(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. (ગમે તે બે)** (2)

(1) નામના (2) ગફલત (3) મોસમ

**(8) નીચે આપેલ શબ્દોની જોડણી લખો. (ગમે તે બે)** (2)

(1) ગળથુંથિ (2) શંસ્કાર (3) હીંડોળો

**પ્રશ્ન-4** (અ) તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમોનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. (5)

**(બ) નીચેનામાંથી કોઇ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) 26 જાન્યુઆરી

(2) સરદાર પટેલ

(3) માતૃપ્રેમ

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલ ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.** (5)

ભારતને સ્વતંત્રતા મળી એ પહેલાં ભારત જુદાં જુદાં રજવાડામાં વિભાજીત હતું. એ વખતે આપણે ત્યાં રાજાશાહી શાસન વ્યવસ્થા હતી. ભારત સ્વતંત્ર થયા પછી અખંડ ભારત માટે આ રજવાડાંઓનું વિલીનીકરણ થાય તેવી ગાંધીજીની ઇચ્છા હતી. ત્યારે ભાવનગર રાજયના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ સૌ પ્રથમ ગાંધીજીની વાતનો સહર્ષ સ્વીકાર કર્યો. એમનાં પત્ની મહારાણી વિજયાબાએ પણ એ વાતને સમર્થન આપ્યું અને મહારાજા કૃષ્ણકુમારસિંહે પોતાનું ભાવનગર રાજ્ય અખંડ ભારતને સમર્પિત કર્યું.

**પ્રશ્નો :-**

(1) પહેલાં ભારતમાં કેવા પ્રકારની શાસનવ્યવસ્થા હતી ?

(2) ગાંધીજીની શું ઇચ્છા હતી ?

(3) સૌ પ્રથમ કયા રાજાએ પોતાનું રાજ્ય આપવા તૈયારી બતાવી ?

(4) ભાવનગરના મહારાણીનું નામ જણાવો.

(5) ભારતમાં હાલ કેવા પ્રકારની શાસન વ્યવસ્થા ચાલે છે ?

Scanned by CamScanner

(બ) **પાત્રાલેખન કરો. (ગમે તે એક)** (4)

(1) ચંદા

(2) વલ્લભભાઈ

(ક) **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) જગમોહનદાસ શાનો વેપાર કરતા હતા ? તેમના માથે કેવું સંકટ આવી પડયું?

(2) વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ કોણે અને કયારે આપ્યું ?

(3) શ્રીકૃષ્ણના વૈભવનું વર્ણન કરો.

(4) અંજન કિન્નરી પર શા માટે ખીજાયો ?

---

Scanned by CamScanner